રાણીશ્રી સુરજમાલ પ્રવેશની

રામસંગ તથા પટરાણી

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અમદાવાદ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

राजेश्री भुधरभाइ धनेश्वरनो
रासडो तथा परजीयो.

શ્રી કૃષ્ણ રણછોડ તરવાડી,

તથા

છોટાલાલ પ્રેમાનંદ તરવાડી.

એઓએ બનાવેલો

તે

શ્રી કૃષ્ણ રણછોડદાસે

છપાવી પ્રસિધ કર્યો.

અમદાવાદ

માણેકચોક કાગદીઓળમાં મોતી દલીચંદ.
વાડીલાલ દલીચંદના "ગુજરાત યુનિય.
કુંવરજી હઠીશંગે છાપ્યો.

સને ૧૮૭૫ સંવત

કિંમત ૧ આનો.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

૮૩૪

પ્રસ્તાવના *

આ ચોપડી છપાવવાનો મારો પ્રથમથી વિચાર હતો પણ મારી ટુંક બુદ્ધિએ કરી આ ગ્રહસ્થનું વર્ણન થઈ શક્યું નહી, પણ થોડા દીવસમાં મારા મિત્ર છોટાલાલ પ્રેમાનંદ જે એમના એટલે સ્વરગવાશી બુધરભાઈના ભત્રિજા થાયછે તેમણે પણ પોતાની દીલગીરીનો પરજીઓ મને બતાવ્યો જેથી બે ભેગા કરી છપાવાનો ઠરાવ કર્યો. રાજેશ્રી બુધરભાઈ સ્વરગવાસ થયાની ખબર મેં મોજે આસાનશી તાલુકે માતરમાં મેહેતાજી હતો ત્યાં સાંભળી. જે દિવસે મને અન્ન પણ ભાવ્યું નહી કારણ કે શીરછત્ર હતું. આ ગ્રહસ્થે જો કે વિદ્યાનો સંગ્રહ કર્યો નહોતો, તોપણ વિદ્વાન જેટલી બલ્કે તે કરતાં પણ વધારે અક્કલ ને બધી વાતે પુરણ હતા. ગુજરાતના તમામ ભાગમાં ને હિંદુસ્તાનના અમુક ભાગોમાં આ ગ્રહસ્થની પ્રખ્યાતી ને નામના છે. બાળપણથી એ સંબળ ને મોટા મોટા કામના ફેંસલા કરવા શક્તિવાન થયા હતા, એમની ઉપર ઈશ્વરની એટલી બધી મેહેરબાની હતી કે એમને ઇશ્વરનો અંશ કહીએ તો ચાલે. એમનું કરયું કોઈ ઉલંગન કરતું નહી, જેમ પૈસો પેદા કર્યો તેમ સ્વમારગે ખરચ્યો, ને ગ્રહસ્થાઇમાં પણ કચાશ રાખી નહી. મોટા મોટા ઇંગ્રેજ લો- ને રાજા રજવાડાના ધણી પણ આ પુરૂષને નામે જુ-

ડના.

શરણે આવ્યાનું સમાધાન કરી આપ્યા વીના રહેતા નહી. મોહોટાં મોહોટાં કામ માથે લીધાં તે દરેકમાં જશ પામ્યા. અને ઘણા ઇંગ્રેજ અમલદાર કપડવાણજમાં આવે તેઓ આ પૂરૂષની ખબર પુછ્યા વીના રેહેતા નહી. ટુંકામાં આ ગ્રહસ્થના સ્વરગવાસથી મોટું નુકશાન થયું છે, એટલુંજ નહી પણ મોટે ભાગે માથેનું તો છત્ર જતું રહ્યું તેથી હવે આ નગરમાંથી ધન વીગરેનો નાશ થવા માંડ્યો છે. લડાઈ ટંટા ને અદેખાઈ પણ વધી છે. આ ગ્રહસ્થ સંવત ૧૯૨૯ના ભાદરવા શુદ ૧૧ ને દીવસે સ્વરગવાસ થયા તે વખત એવો ભયંકર લાગતો હતો કે સૂર્ય ઢંકાએલો, એટલે સવારમાં વાદળાં રહ્યાં ને આખા ગામમાં કોઈ દિવસ નહી એવી હડતાળ પડી ને ખની વરાણમાં શોકનાં આંસુ પડતાં હતાં. આ ગ્રહસ્થને એક છોકરો નથી.

શ્રી ક૦ ર૦ ગ૦

અર્પણ પત્રિકા.

મેહેરબાન રાવસાહેબ હરદેવરામ અનુપરામ

સબાર્ડીનેટ જડજ સાહેબ.

કપડવણજ.

આપ સાહેબને ભુધરભાઇ સાથે ઘણો પ્યાર હતો, ને તેના બદલામાં આપે પાછળથી એમના નામની ખાતરે ઘણી મહેનત લઇ ખરી જાતની સારી વ્યવસ્થા કરી પ્રેમ જણાવ્યો એવું જાણી આપનું નામ હું એમના અમર નામ સાથે જોડુછું એજ.

તા૦ ૧ માહે એપ્રીલ
સને ૧૮૭૫.
મુ૦ કપડવણજ.

લી૦ સદા તાબેદાર શેવક.
શ્રી [illegible] રણછોડ.

રાસડો

ભલે ભુધરભાઈ જેવારે, થયા નથી ભુધર એવારે. ટેક.
ધનેશ્વર સુત ભુધર ભાઇએ, માહારૂદ્ર કેરા તન;
ધરતી ઉપર જન્મ ધરેથી, સઉનાં ઠરચાંતાં મન. ભલે૦ ૧
સંવત અરાડ ચોસઠ સાલે, વિક્રમ શ્રાવણ માસ;
સુકલ પક્ષની એકાદશીએ, હરખ થયો તો ચોપાસ. ભલે૦ ૨
આનંદમાં આજ શોક થયોછે, ઓગણીસેની સાલ;
ઓગણત્રીસ ઉપર ભાદ્રરૂપત, શુદ એકાદશે કાલ. ભલે૦ ૩
ચોસઠ વરસની ઉમર રાખી, જશ રાખ્યો જગ માંપ;
દેવાંશીનર આવા થઇને, પોહોચ્યા સ્વરગની માંહ. ભલે૦
છોટાપણમાં ઝાઝાં છુટથી, કામ કરયાં માહાસુર;
વર્ણવતાં તેનો પાર ન આવે, અકલનો ભરપુર. ભલે૦ ૫
બાળપણાથી સુકૃત કરતાં, જશ વાધ્યો જગ માંપ;
અકલનો દરિઆવ દીસંતો, પોહોચ્યો સ્વરગની માંપ. ભલે૦
વડોદરાના ખુશાલચંદજી, શેઠ મહા ધનવાન;
તેના ઘરનો ફજીઆ મટાડી, સઉનું કરયું સમાધાન. ભલે૦ ૭
ગાયકવાડથી માન મળયું પણ, સ્વભાવ શાંત જણાય;
સંકડો લોક સમાધાને આવે, ઇનસાફ ઠીક ગણાય. ભલે૦ ૮
કપડવણજના નગરશેઠનું, ઝાઝું કીધું કામ,
ઠાકોરને ઠકરાળાં સરવે, તાલીમ પામે તમામ. ભલે૦ ૯

પાકાશીનોર લુણાવાડાને, નાંદોદ કેરા રાય;
સુંથ અને રામપુર વળી, બહુ પેરે પૂછવા જાય. ભલે૦ ૧૦
રાજા, ઠાકોર, મીઆં, તવંગર, સઉનાં કરચાં મહાકામ;
સ્વજ્ઞાતીમાં પણ ધન ખરચીને, મેળવ્યું મોટું નામ. ભલે.
રૂપ ગુણે ભરપુર જોઈ મન, મોહ પામે સઉ જન;
ઘર ખરચ્યા કરશે કોણ કામો, તેની હાંકે મુજ તન ભલે૦ ૧૨
આગેવાની કરી કામ કરાં બહુ કપડવણજ મોઝાર;
મોટું બ્રાહ્મણના સુખને સારૂ, મેળવ્યું માન અપાર. ભલે૦
નર નારીને રહેવા સારૂ, કરી ધર્મશાળા સુંદર;
તેતો કરી પાંચ ગાઉ તણે દૂર, [illegible] કેરે તીર. ભલે. ૧૪
નદી કાંઠે મહાદેવનું સ્થાનક, ઉંચું [illegible]
તે ટેકરીપર ધન ખરચી, દુખ ટાળી થયા વિખ્યાત. ભલે૦
બાજી જગો જમવાને સારૂ, રચી કરચું મહાસુખ;
મીષ્ટ ભોજન જમી પેટ ઠારે છે, ચોમાસાનું ગયું દુખ. ભલે૦
પરદેશીના સુખને સારૂં, બાંધ્યું રમણિય મકાન;
આવતા જતાને વીસામા સારૂં, ભુખ્યાને આપતા દાન. ભલે
ધર્મ ભજન કરવાને સારૂં, જુદાં જુદાં મંદીર:
એક કરૂં રામચંદ્ર તણું, વળી સ્વામીનારાયણ બાર ભલે૦
સરવને ગમતું એણે કરીને, મેળવ્યો સ્નેહ અપાર;
સ્વરગમાં સુખ થવાને સારૂ, ધરમ તણો ધરનાર. ભલે૦ ૧૯
વિદ્યાની વૃદ્ધિ ઉપર એ વળી, ઝાઝું રાખતા જોર;
મદદ કરી સ્થાપી પુસ્તકશાળા, પણ નહી રાખ્યો તોર. ભલે

ઉદારદારને દિલનો દયાળુ, શાણો વળી શાહુકાર;
બાળાપણા પણ એ કહેવાયા, સંસાર સ્થંભ થનાર. ભલે૦
જમવા સારૂ જે જન આવે, રાખી આશા મન;
પાત્ર પ્રમાણે પાન આપીને, કરે કરાવી ભોજન ભલે૦ ૨૨
સર્વે ટેકાણે આગેવાની કરી, અપાવે સારાને દાન;
કોઈ જાચક પાછો નવ જાએ, ગુણ પ્રમાણે માન ભલે૦ ૨૩
આ લોકનું ને પરલોકનું પણ, બાકી ન રાખ્યું કાંઈ;
સરવે બાળાંને નિરભેગ આપિ ગયા, વરણી તજી સ્વરગ માંય.
વડોદરા, કાશી, કલકત્તા, સુરત અમદાવાદ;
ભરૂચ મુંબઈ પુના સતારા, [illegible] થયા વખવાદ. ભલે૦
આ અવસર તો સહુને સાલે; સરવે વાતે પુરે;
ભાટ અને શ્રી કૃષ્ણ તણું ગયું, આંસુ થયા સઉ નુર ભલે૦

પરજીઓ.

જોઈ નહીં જગમાં આવાર, ભલો ભુધરભાઈ જેવાર. ટેક.
ભુધરભાઈ સરખો ભારતખંડમાં, નર નવ દીસે કોય;
શુભ ગુણ સાગર સ્વરગ જવાથી, શોકે સકળ જન રોય. જોઈ.
પરમ પવિત્ર ને પરઉપકારી, પરદુઃખ ભંજન જેહ;
વીખ્યાત વીક્રમ ભોજ સરીખા, આપ અવસર હતો એહ. જોઈ.

ધીરજવંત અને ધરમવાળો, ગુણવંતને ગંભીર;
શાણો ભોળો ને સત્યવાદી, હતો વીવેકી એ વીર. જડે૦
દાનેશ્વરીને દીલનો દયાળુ, અકલ જેની અપાર;
અવગુણ જેમાં એક ન દીસે, સદ્ગુણનોજ ભંડાર. જડે૦
વડોદરે વિખ્યાત થયા કરી, શોક તણું સમાધાન;
ગાયકવાડથી ભીની મશાલનું, સારૂં પામ્યા સન્માન. જડે૦
દિવાન સાથે દોસ્તી ઘણી, કરે સેનાપતિ સત્કાર;
રાવસાહેબ સરખા રાજેશ્રી, પુરણ રાખતા પ્યાર જડે૦
નડીઆદ અમદાવાદમાં જેણે, નીરમળ કીધું નામ;
ભરૂચી ઘણો ભાવ રાખે, કર્યું સુરતમાં શુભ કામ. જડે૦
મુંબઇમાં બહુ માન મેળવીયું, ને પૂને થયો પ્રખ્યાત;
કલકત્તાને કાશીમાં જેગા, સઉકો વખાણે વાત. જડે૦
વાડાશીનોરને વીરપુરનો હતો, નવાબ જેને નાગ;
ભાઇભાઇ કહી ધાઇધાઇ બોલાવી, બસાડતો તાને કામ.
લુણાવાડા રામપુરનો રાજા, સારો કરે સત્કાર;
નાંદોદનો નૃપ આપતો હતો, જેને સોંપવાને કારભાર. જડે૦
સુનારાનો સાથી ભુધરભાઈ, વડો હતો વિદ્વાન;
ગરવ રહીતને ગરીબનો બેલી, નહિ કોઈ એહ સમાન. જડે
ધરતીનો થંભને ધજા ધરમની, ભુપ તણો એ ભુપ;
ચઉદ વિદ્યા ગુણ જાણ ચતુર એ, સુંદર જેનું સ્વરૂપ. જડે.
તારા મંડળમાં ચંદ્ર શોભે તેમ, ભૂમાં હતો એ ભ્રાત;
અમૃત સરખી વાણી એની, સુણી થાતાં સઉ રળીઆત. જડે

છાનનું હતા છત્ર ભુધરભાઈ, પારેખમાં પ્રખ્યાત;
નાણાવટીનું નાક હતો, શું વરાણવું એની વાત. જડે૦
સારા સારા એને સરવ કહે, કવી કોવિદ પંડિત પીર;
મોટા મોટા એને મળવાને ચાહાતા, મીર ફકીર અમીર. જડે.
જડજ સાહેબ હરદેરામભાઈ, પૂરણ રાખતા પ્રીત;
માજીસ્ત્રેટ પણ મળવાને કાજે, આવતા તેને નિત્ય. જડે૦
કપડવણજના શેઠીઆ સરવે, રાખતા પુરાણ પ્યાર;
શોક કરી સંઉ રૂદન કરે છે, ક્યાં ગયો પ્રાણ આધાર. જડે.
સતર ગામનો સુબો ભુધરભાઈ, મોઢેની નાતમાં મુખ્ય;
દેશમાં દીવો દેવ સરીખો, સઉને દીધુ ઘણુ સુખ. જડે૦
સરવ તણું શુભ કરવાને ચાહાતો, અંતરમાં અહો નીશ;
ગરીબ તવંગર સરખાજ ગણતો, કરતો કદિએ ન રીસ. જડે
મોટ તણી ધરમશાળા મોહોટી, પોતે કરાવી સાર;
મુસાફરને માટે બાજી, કીધી વળી નીરધાર. જડે૦
સ્વામીનારાયણનાં ઘણાં મંદિર, કીધાં ગામો ગામ;
શિવ શક્તિને રામકૃષ્ણનાં, કીધાં ધરાપર ધામ. જડે૦
ધરણી ઉપર બ્રાહ્મણના કુળમાં, ધનેશ્વરને ઘેર;
માહારૂદ્ર કરવાથી માહાદેવજીએ, મોટી કીધી હતી મે'ર. જ.
ચોસઠની સાલે જનમ ધરયોને, રાખ્યો ચોસઠ વર્ષ દેહ;
અંસ કહેવાયો ઈશ્વર કેરો, અવની ઉપર એહ. જડે૦
એકાદશીએ જનમ ધરયો, તજયો દેહ એકાદશી દન;
શોક કરી સઉ લોક નગરના, કરે અતિ રૂદન. જડે૦

દરદીના દુખ કોણ મટાડશે, સારૂ કરી સમાધાન;
વેદીઆ તો વીલાપ કરેછે, ભુલી ગયા સઉ ભાન. જરે૦
થયો નથી ને થાશે નહી, આ નગરમાં એવો વીર;
નર નારી સઉ નાંખી નીસાસા, નયણે ભરે છે નીર. જરે૦
જુલમી રોગ જલંદર કેરો, પાપી પુરો જેહ;
આઠ દિવસમાં પ્રાણથી પ્યારો, લઈ ને ચાલ્યો જેહ. જરે.
વઈદ તણો વીચાર ન ચાલ્યો, ન ચાલ્યો દવાનો દાવ;
દાવ વાળી ગયો દુસ્મન આવી, ઘટમાં કરીને ઘાવ. જરે૦
ઓ પ્રભુ તું છું પરમકૃપાળુ, પણ કરૂ કુડુ કામ;
પ્રાણ સનેહી અમારાને તું કેમ, તેડી ગયો નિજ ધામ.—જરે
તુજને ગમ્યું તે ખરૂં પ્રભુ એમાં, નથી અમારો ઉપાય;
વાલાના વીજોગની વેદના, અંતરમાં બહુ થાય. જરે૦
વીપ્ર વણીક વોહોરાને વઈદો, વાલદ વાગરી લોક;
સઈ સોની સુતાર શીપાઈ, સઉકો કરેછે શોક. જરે૦
કણબી કંદોઈ ને કંસારા, કાછીઆને કુંભાર;
કડીઆ જડીઆ ને વાગડીઆ, સઉકો કરે પોકાર. જરે૦
ભાંડ ભવઈઆને ભાડભુંજા, ભાટ અને ભાવસાર;
ભરવાડ ભીલ ભોજક ભઠીઆરા, સઉને શોક અપાર. જરે.
ધરણી થરથર ધ્રુજવા લાગી, ગયો જેનો ધરનાર;
પુન્યની પેંડી ભાગી પડી, વહે ઈંદ્રને આંસુની ધાર. જરે
શ્રૃષ્ટી સઘળી રોવા લાગી, પુરમાં પડી હડતાળ;
સુર્ય સશિ પણ ઝાંખા જણાયા, તે સમે છોટાલાલ. જરે૦

કુંડલીઓ.

ભુધરભાઈ ભગવંતકો, ભક્ત અતિ સુરવીર;
પડક ધરત નહી કોઉકી, કેશરી સમ ગંભીર.
કેશરી સમ ગંભીર, ધીર ધુરંધર કહાવે;
નીતી ન્યાય પ્રવીન, હિન મતિ દુર બહાવે.
દાખત છોટાલાલ, રહી કીરતી જગ છાઈ;
ગુજરમે ગંભીર બડા એક ભુધરભાઈ.

समाप्त